સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

રેલી, મેળા, પ્રદર્શનોમાં 'પાણી' વપરાઈ ગયું!
ને ચૂંટણી-લાભ લૂંટવામાં પાણી અપાઈ ગયું!
કપાઈ ગયો જીવ ને શ્વાસ થઈ ગયો અધ્ધર -
અને એમના આયોજનનું, પાણી મપાઈ ગયું!
(બેફામ વેડફાટ)

હાઈકુ

રહી ગૈ લાજ!
પણ થ્યું પાણીઢોળ -
'ઓથોરિટી'માં

કરો પ્રાર્થના -
નર-ઈન્દ્ર ને કહો -
લાવે વર્ષાદ...

ચિંતન

નગરસ્થો વનસ્થો વા શુભો યા યદિ વા શુભઃ ।
યાસાં સ્ત્રીણાં પ્રિયો ભર્તા તાસાં લોકા મહોદયાઃ ॥
દુઃશીલઃ કામવૃત્તો વા ધનૈર્વા પરિવર્જિતઃ ।
સ્ત્રીણામાર્યસ્વભાવનાં પરમં દૈવતં પતિઃ ॥

ઉપરોક્ત શ્લોક વાલ્મિકી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

પોતાનો પતિ નગરમાં વસનારો હોય ને વનમાં રહેનારો હોય, તેમજ પોતાને અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, તો પણ તેને પરમેશ્વર તુલ્ય સમજી જે સ્ત્રી અત્યંત પ્રીતિપૂર્વક તેની સેવા કરે છે, તેને આ લોકમાં ઉત્તમ સુખ પ્રાપ્ત થવા ઉપરાંત મરણ પછી પણ અવિનાશી લોકની પ્રાપ્તિ થાય છે.

વળી પોતાનો પતિ હલકા સ્વભાવવાળો, યથેચ્છ વિહાર કરનારો અથવા નિર્ધન હોય, તો પણ આર્ય સ્વભાવવાળી સ્ત્રીઓને તો તે જ પરમ દૈવતરૂપ છે.

સુવિચાર

- માણસ ચમક્યા વિના વીજળીનો ઝબકારો જોઈ શકે એનું નામ કુશળતા - **લુકાન**
- કુદરત પર શાસન કરવું હોય તો એની આજ્ઞામાં રહો - **બેકન**
- સારું કરવું એટલું બસ નથી, સાચા રસ્તે સારું કરવું જોઈએ - **પુનિત મહારાજ**
- માણસને કર્મ વળગતું નથી, કર્મફળની આસક્તિ વળગે છે - **મહાભારત**
- આપણે જીવન ખોયું જીવવામાં, ડહાપણ ખોયું જ્ઞાનમાં, અને જ્ઞાન ખોયું માહિતીમાં - **અખંડ આનંદ**
- શાસ્ત્રો પઢો ને પંડિત થાઓ, પણ જો અંતરમાં ઈશ્વરને સ્થાન ન આપ્યું તો કાંઈ ન કર્યું કહેવાય - **હરીન્દ્ર દવે**
- આજનું ઔષધ : પીપળાની છાલનો ઉકાળો બનાવી પીવાથી ખસ, દાદર જેવા ચામડીના રોગો મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

કાલ્વિન કુલિજ અંતર્મુખી વ્યક્તિ હતા. ખૂબ ઓછું બોલતા. તેમના પત્ની તેમના આવા સ્વભાવને પસંદ ન કરતી એક રવિવારે પતિ-પત્ની ચર્ચમાં ગયા... પાછા ફરતી વેળાએ કાલ્વિનનું મૌન તોડવા પત્નીએ કહ્યું, 'કાલ્વિનનો એક જ શબ્દમાં જવાબ હતો : 'હા'

પત્નીને એમ આશા હતી કે કંઈક વિસ્તારથી જવાબ આપશે. પત્નીએ ફરી પૂછ્યું, 'શું તમે કહી શકો પ્રવચનનો મૂળ મુદ્દો કયો હતો ?'

કાલ્વિન એટલું જ બોલ્યા : 'પાપ'

ગુસ્સામાં પત્ની : 'એ તો બરાબર છે પણ જરા વિસ્તારથી બતાવો કે પાદરી આ વિષે શું કહી રહ્યા હતા?'

કાલ્વિન શાંતિથી એક જ વાક્ય બોલ્યા, 'પાદરી પાપના વિરોધમાં બોલી રહ્યા હતા.'

કાલ્વિનના મૌનની સામે એમના પત્ની હાર્યા.

સ્પીકર પદની ગરિમા જળવાય તે જરૂરી

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટીની સરકાર કોંગ્રેસને વિધાનસભામાં ડેપ્યુટી સ્પીકરનું પદ ફાળવે એવી માગણી વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ કરી છે ખરી, પરંતુ દૂધનો દાઝેલો છાશ પણ ફૂંકી ફૂંકીને પીતો હોય છે. પરંપરાની રૂએ વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ પર વિપક્ષ જરૂર દાવો કરી શકે. બલકે આદર્શ રાજનીતિની રીતે એ શિરસ્તો પાળવા જેવો પણ ખરો. લોકસભામાં આવી પરંપરા ઘણાં વર્ષો સુધી પળાતી રહી હતી. નરેન્દ્ર મોદીએ ૪૪ બેઠકો સાથે અધિકત વિપક્ષનીય માન્યતા ગુમાવનાર કોંગ્રેસ પાર્ટીનું એવું સન્માન આપવાનું ટાળ્યું છે. કોંગ્રેસે આ પરંપરા શરૂ કરી હતી અને કેન્દ્ર તેમજ રાજય સ્તરે એનું નિર્વહન કર્યું હતું. જો કે ભાજપને એની પાર્ટીના સિનિયર નેતા અને સ્પીકર હરિશ્ચન્દ્ર પટેલની જીવલેણ બિમારીને કારણે તત્કાલીન ડેપ્યુટી સ્પીકરની ફરજ બજાવનાર વિપક્ષી નેતાના હાથમાં સ્પીકરનો ચાર્જ આવ્યો તેનું ભારભોર નુકશાન થયું હતું. વિધાનસભામાં સ્પીકર એ સર્વોચ્ચ સત્તાધીશ છે. એને પરિસ્થિતિ મુજબ રુલિંગ આપવાના અંતિમ અધિકારો મળેલ હોઈ અદાલતો પણ એ વિશે નુક્તેચીની કરવાનું ટાળતી રહી છે. અગાઉની કોંગ્રેસ કે જનતાદળ શાસિત સરકારોમાં કરસનદાસ સોનેરી અને મનુભાઈ પરમાર જેવા દલિત નેતાઓ ડેપ્યુટી સ્પીકરની જવાબદારી નિભાવતા રહ્યા પણ ભાજપ સરકારનો ચંદુભાઈ ડાભી નામના ડેપ્યુટી સ્પીકરના રુલિંગથી ઘડોલાડવો થયા પછી આખો સિનારિયો જ બદલાઈ ગયો છે. ફેર ચૂંટણીમાં પ્રસ્થાપિત થયેલી ભાજપ સરકારમાં કેશુભાઈ પટેલે મોડે મોડે ઉપેન્દ્ર ત્રિવેદી જેવા અપક્ષ ધારાસભ્યને ડેપ્યુટી સ્પીકર પદ સોંપ્યું હતું - કોંગ્રેસને ટાળવાના અને છતાં ભારતીય જનતા પાર્ટીના નિશાન પર નહીં ચૂંટાયેલા ધારાસભ્યને એ પદ આપીને 'પરંપરા' નું આંશિક પાલન કરવાના આશર સાથે! નરેન્દ્ર મોદીએ ધરાર વિપક્ષને એ પદ સુધી ન પહોંચવા દીધો. આમ સ્પીકર અને ડેપ્યુટી સ્પીકર - બેઉ પદ છેલ્લાં ઘણાં વર્ષોથી શાસક પાર્ટીના ધારાસભ્યો જ ભોગવતા રહ્યા છે ત્યારે સૌરાષ્ટ્રના પરેશ ધાનાણીની માગણીને સૌરાષ્ટ્રના જ વિજય રૂપાણી કેટલી દાદ આફશે તે પ્રશ્ન જ રહે છે. જો કે નરેન્દ્ર મોદી ગુજરાતમાં નહીં હોવા છતાં ગુજરાતની બલકે દેશનાં તમામ ભાજપ શાસિત રાજયોની બાગડોર એમના જ હાથમાાં હોઈ રૂપાણી ઈચ્છતા હોય તો પણ જૂની અને આદર્શ પરંપરાને પુનઃસ્થાપિત કરવાનું એમના માટે અઘરું જ બની રહેશે. સ્પીકર પદનો જે મહિમા અને ગરિમા હતાં તે કાળક્રમે ઓસરતાં રહ્યાં છે ત્યાં ડેપ્યુટી સ્પીકરનો તો શો હિસાબ ? રાઘવજી લેઉવા અને માનસિંહજીભા રાણાથી લઈ કુંદલલાલ ધોળકિયા કે નટવરલાલ શાહ સુધીના સ્પીકરો મુખ્યમંત્રીની કક્ષાના નેતાઓ હતા. વિધાનસભાના નેતા તરીકે એમનો પડ્યો બોલ ઝિલાતો રહ્યો હતો. પરંતુ એ પછી એ પદનું ગૌરવ સતત ઘટતું રહ્યું છે. સ્પીકર માટે બેઉ પક્ષો ડાબી-જમણી આંખ જેવા જોઈએ. એવી તટસ્થતા ગુમાવી દેવાથી જ સ્પીકરપદ કાળક્રમે વામણું બનતું ગયું અને મોદી શાસનકાળમાં તો સ્પીકર પદ તે વિધાનસભાના હોય કે લોકસભાના મુખ્યમંત્રી કે વડાપ્રધાનના આદેશોનું પાલન કરનારા કહ્યાગરા કંથ જ બની રહ્યા છે ! લોકશાહી માટે આ ખતરનાક અધોગતિ જ ગણાય.

બાળકના વિકાસની આધારશીલા : પ્રોત્સાહન

રંગ-ઉમંગ
કાનન ઓઝા

તમારા સંતાનને એક જ ભેટ આપી શકો તેમ હો તો તમે એને ઉત્સાહ આપજો.

કોઈ પણ વ્યક્તિના વિકાસમાં પ્રોત્સાહન મુખ્ય પરિબળ તરીકે ભાગ ભજવતું હોય એવું જોવા મળે છે. જુદાં-જુદાં જીવન ચરિત્રો અને આત્મચરિત્રોમાં આ વાત ઊડીને આંખે વળગે એ રીતે આલેખાયેલી હોય છે એમાં પણ જેમને માતાપિતા તરફથી પ્રોત્સાહન મળ્યું હોય છે. તેવાઓ એ તો વિષમમાં વિષમ પરિસ્થિતિમાં પણ અદ્‌ભૂત વિકાસ સાધી દેખાડ્યાનાં દૃષ્ટાંતો છે. હેલન કેલર કદાચ આવું સર્વોત્તમ દૃષ્ટાંત છે. જન્મ પછી લગભગ તુરત જ માત્ર દોઢ વર્ષની ઉંમરે આંખ, કાન અને જીભની શક્તિઓ ખોઈ બેઠેલી એક આંધળી, બહેરી અને મૂંગી છોકરીએ વિદૂષી તરીકે નામ કાઢ્યું. હાવર્ડ યુનિ.માં બી.એ. થઈ. સામાન્ય માણસ જે જ્ઞાન આંખ કે કાનથી જ મેળવી શકે તે એણે માત્ર સ્પર્શની મદદથી મેળવ્યું. અને કવિ બની આની પાછળ તેના માતા-પિતાનો અપાર પરિશ્રમ અને ડગલે પગલે એમણે પુરું પાડેલું પ્રોત્સાહન કારણભૂત હતાં. નોર્મલ બાળકને પણ પ્રોત્સાહનની એટલી જ જરૂર પડે છે. કદાચ આ

મનુષ્ય માત્રની - આમ જુઓ તો પ્રાણી માત્રની જરૂરિયાત છે. એનામાં જે પડ્યું હોય છે. તે બહાર લાવવા એને કોઈકના પ્રોત્સાહનની જરૂર પડે છે. આવું પ્રોત્સાહન પ્રારંભથી મળતું રહે તો એની શક્તિનો પૂરો હિસાબ આપ્યા વગર નહિ રહે.

સુનિલ ગાવસ્કરે ક્રિકેટ ક્ષેત્રે અને સ્ટેફી ગ્રાફે ટેનિસના ક્ષેત્રે જે ઊંચા શિખરો સર કરી બતાવ્યાં તેમાં બંનેના પિતાઓએ નાનપણથી જ એમને પૂરું પાડેલું પ્રોત્સાહન કારણરૂપ છે.

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે બાળક જયારે પહેલી વાર ઘૂંટણિયા તાણતું થાય કે પા પા પગલી ભરતું થાય કે કાલી ઘેલી વાણીમાં પપ્પા-મમ્મી શબ્દોનું ઉચ્ચારણ કરતું થાય ત્યારે મા-બાપ અને અન્ય સ્વજનોના બાળકને વધુ ચાલતું કે વધુ બોલતું કરવા પ્રોત્સાહન આપતા હોય છે. પણ બાળકના સાંવેગિક અને બૌદ્ધિક વિકાસમાં પણ મા-બાપના પ્રોત્સાહનની એટલી જ જરૂર હોય છે. તેનો ઘણાંખરાં મા-બાપને ખ્યાલ નથી હોતો એટલે બાળકને પ્રોત્સાહિત કરવાની બાબતે સભાન થવાની અત્યંત આવશ્યક છે. બાળકના યથા શક્ય પૂર્ણ વિકાસ સુધી માબાપના પ્રોત્સાહનના હૂંફ બાળકને મળતી રહેવી જોઈએ. ડગલેને પગલે મા-બાપનું પ્રોત્સાહન મળ્યું હોય તેવાં બાળકોના વિકાસમાં ને બાળકના વિકાસ માટે ઉપેક્ષા સેવાઈ હોય તેમાં બાળકોના વિકાસમાં ઉડીને આંખે વળગે તેવો તફાવત જોવા મળે છે.

બાળકોનો ઉત્સાહ વધારવામાં એક સાવધાની રાખવી જોઈએ. બાળખમાં રહેલી શક્યતાઓનો તાગ મેળવવો જોઈએ. આમાં નિષ્ણાંતોની મદદ પણ લઈ શકાય. અને પછી એ શક્યતાઓ સંદર્ભમાં બાળકને પ્રોત્સાહન પુરું પાડવું જોઈએ. આમાં આપણો ઉત્સાહ સરસાઈ ન ભોગવે તે જોવું જોઈએ. બાળકમાં જે નથી તે કરી દેખાડે એવી હઠ સાથે આપવામાં આવતા પ્રોત્સાહનનું ઉલટું માઠું પરિણામ આવશે. મા-બાપ હતાશ થશે ને બાળક લઘુતાગ્રથિનો ભોગ બનશે.

માબાપ પ્રોત્સાહન બાળકના વિકાસની આધારશિલા છે. આ વાત મનમાં ઘૂંટી રાખો.

હોદ્દાની રૂએ આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે ?

ભારતીય અર્થવ્યવસ્થા

૧ ભારતીય જીવન વીમા નિગમની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ૧૯૪૭ (બ) ૧૯૫૦
(ક) ૧૯૫૬ (ડ) ૧૯૬૦

૨ વયોવૃદ્ધોની દેખભાળ સુનિશ્ચિત કરવા માટે અધિનિયમ બનાવનાર પ્રથમ રાજય કયું છે?
(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર
(ક) દિલ્હી (ડ) હિમાચલ પ્રદેશ

૩ ભારતના નીચેનામાંથી કયા શહેરમાં ટંકશાળ આવેલી નથી?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) અમદાવાદ (ડ) હૈદરાબાદ

૪ સ્વતંત્ર ભારતનું પ્રથમ બજેટ કોણે રજૂ કર્યું હતું ?
(અ) આર.કે. ષણમુખમ (બ) ડૉ. રાધાકૃષ્ણન
(ક) જવાહરલાલ નહેરુ (ડ) ડૉ. રાજેન્દ્ર બાબુ

૫ ભારતમાં સૌથી વધુ વખત બજેટ રજૂ કરવાનું બહુમાન કોને ફાળે જાય છે ?
(અ) મનમોહનસિંહ (બ) મોરારજી દેસાઈ
(ક) પી. ચિદંબરમ્ (ડ) અરુણ જેટલી

૬ હોદ્દાની રૂએ આયોજન પંચના અધ્યક્ષ કોણ હોય છે ?
(અ) ચીફ ચેકેટરી (બ) રાજયસભાના અધ્યક્ષ
(ક) લોકસભાના અધ્યક્ષ (ડ) વડાપ્રધાન

૭ પ્રથમ પંચવર્ષીય યોજનામાં શાને પ્રાથમિકતા આપવામાં આવી હતી ?
(અ) ઉદ્યોગો (બ) શિક્ષણ
(ક) ખેતી (ડ) આરોગ્ય

૮ 'ગરીબી નાબુદી અને આત્મ નિર્ભરતા' એ કંઈ પંચવર્ષીય યોજનાનો ઉદ્દેશ હતો ?
(અ) ચોથી (બ) પાંચમી
(ક) છઠ્ઠી (ડ) સાતમી

૯ ભારતમાં ગ્રાહક સુરક્ષા અધિનયમ કયારથી અમલમાં આવ્યો?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૪
(ક) ૧૯૮૬ (ડ) ૧૯૯૦

૧૦ ગુજરાતમાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનું કાર્યાલય રાજકોટ અને બીજા કયા સ્થળે આવેલું છે ?
(અ) વડોદરા (બ) અમદાવાદ
(ક) સુરત (ડ) ભાવનગર

૧૧ સંસદમાં બજેટ રજૂ કરવાની તારીખ કોણ નક્કી કરે છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન
(ક) નાણામંત્રી (ડ) નાણા સચિવ

૧૨ ભારતીય બજેટ વ્યવસ્થાના પ્રણેતા કોણ છે ?
(અ) જહોન મથાઈ (બ) જેમ્સ વિલ્સન
(ક) સી.ડી. દેશમુખ (ડ) મોરારજી દેસાઈ

૧૩ સમાજવાદી અર્થતંત્રમાં સાધનોની માલિકી કોની હોય છે ?
(અ) દેશની (બ) રાજયની
(ક) ખાનગી ક્ષેત્રની (ડ) પંચાયતી સંસ્થાઓની

૧૪ વિદ્યાલક્ષ્મી બોન્ડ અને વિદ્યાદીપ યોજના કયા હેતુ માટે મૂકવામાં આવી હતી ?
(અ) નિરક્ષરતા દૂર કરવા (બ) મહિલા આજીવિકા માટે
(ક) સ્ત્રી સાક્ષરતા દર વધારવા (ડ) ગૃહ ઉદ્યોગ માટે

૧૫ ભારત પર્યટન વિકાસ નિગમની સ્થાપના કયારે કરવામાં આવ્યા ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૨
(ક) ૧૯૬૪ (ડ) ૧૯૬૬

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ

- **૧૬ ફેબ્રુઆરી ૧૮૭૬ : ડો. રઘુનાથ પરાંજપે :** જન્મ મહારાષ્ટ્રના રત્નાગીરી જિલ્લાના એક ગામમાં થયો હતો. પ્રખર અજ્ઞેયવાદી તથા ગણિતશાસ્ત્રી. લખનૌ, પૂના યુનિ.માં ઉપકુલપતિ રહ્યા. મુંબઈ રાજયના શિક્ષણ પ્રધાન રહ્યા. આ મહાન શિક્ષણશાસ્ત્રીનું ૧૯૬૬માં અવસાન થયું.
- **૧૭ ફેબ્રુઆરી ૧૮૮૬ : હરસિદ્ધ દિવેટીયા :** સામાજિક તેમજ શિક્ષણક્ષેત્રે સેવાની જયોત જગાવી. ૧૯૪૬ સુધી મુંબઈ હાઈકોર્ટમાં ન્યાયાધીશ તરીકે સેવાઓ આપી. ૧૯૪૨માં સૌરાષ્ટ્રની હાઈકોર્ટ બની તેના પ્રથમ ન્યાયાધીશ તરીકે સેવાઓ આપી. ૧૯૮૬માં અવસાન પામ્યા.
- **૧૮ ફેબ્રુઆરી ૧૮૩૬ : રામકૃષ્ણ પરમહંસ :** બંગાળના કમારપુર ગામમાં જન્મ. મા કાળીના ઉપાસક અને આધ્યાત્મિક જ્ઞાનના સાગર. પરમજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેથી પરમહંસ કહેવાયા. સ્વામી વિવેકાનંદના ગુરુ. રામકૃષ્ણ મઠની સ્થઆપના કરી. ૧૮૮૬માં અવસાન પામ્યા.
- **૨૦ ફેબ્રુઆરી ૧૪૭૩ : નિકોલસ કોપરનીક્સ :** જાણીતા ખગોળશાસ્ત્રી. પોલેન્ડમાં જન્મ. એરીસ્ટોટલ અને ટોમેલીના સૂર્યમંડળના ખ્યાલોને ધરમૂળથી બદલનાર ખગોળ, ગણિત, તત્ત્વજ્ઞાન રસના વિષયો હતા. ધર્મના શિક્ષણ માટે ઈટાલી ગયા. કોલેજ પૂર્ણ કરી ડૉકટર બન્યા. ખગોળના અવનવા નિયમો અને સિદ્ધાંતો આપ્યા.
- **૨૧ ફેબ્રુઆરી ૧૮૬૫ : ડો. શાંતિસ્વરુપ ભટનાગર :** ભારતીય મહાન વૈજ્ઞાનિક. વિજ્ઞાન સાથે સાહિત્યને જીવનભર નિભાવ્યું. કવિ હૃદયી... નાટકો, વાર્તાઓ અને કાવ્યો પણ લખ્યાં. તેમણે લખેલી વાર્તામાંથી 'અનારકલી' ફિલ્મ પણ બની હતા. વિજ્ઞાનક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ આપી. આ મહાન વૈજ્ઞાનિક ૧-૧-૧૯૫૫ના રોજ અવસાન પામ્યા.
- **૨૨ ફેબ્રુઆરી ૧૯૮૪ : ગુરમીત ચૌધરી :** ચંડીગઢમાં જન્મ. ટી.વી.સ્ક્રીન પર ડાન્સર તરીકે અલગ નામના મેળવી. ભટ્ટ કેમ્પની હોરર ફિલ્મ દ્વારા બોલીવુડમાં પ્રવેશ કર્યો.
- **૨૩ ફેબ્રુઆરી ૧૯૧૦ : મુરલી ઠાકર :** સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરી. કવિ અને વાર્તાકાર એવા મુરલી ઠાકરો 'સફર'. અને 'બીજા કાવ્યો', 'પ્રેમલજયોત (વાર્તાઓ) વગેરે રચનાઓ આપી. ૧૯૭૫માં અવસાન પામ્યા.'

ગત સપ્તાહના સવાલનો જવાબ

'રાફેલ' યુદ્ધ વિમાન કયા દેશની બનાવટનાં છે?

જવાબ : ફ્રાન્સ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ એમ. જાદવ : રાયસણ
(૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૫) નટુભાઈ દરજી : પેથાપુર

ખજાનો
અનિલ પટેલ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

પેલેસ્ટાઈન દેશના વડાપ્રધાન કોણ છે

'ગાંધીનગર સમાચાર'-
ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વિસ્મૃતિમાં સરી પડેલું વ્યક્તિત્વ - રાક્ષસ

અમર વારસો
ડો. રશ્મિકાન્ત મહેતા

સમૃદ્ધ સામ્રાજય મગજનાં નંદવંશનો ઉચ્છેદ કરીને ઈ.પૂ. ૩૨૧માં ચંદ્રગુપ્ત મૌર્યએ સત્તા ગ્રહણ કરી. પરંતુ એનું રાજયારોહણ નિષ્કંટક ન હતું. એનો પ્રણવ સંકલ્પ નંદવંશના પુનઃસ્થાપનાનો હતો. એ શ્રોત્રિય બ્રાહ્મણ ધનનંદનો સરસેનાપતિ હતો. રાજનીતિના પ્રપંચોમાં એ ચંદ્રગુપ્તના મહઅમાત્ય ચાણક્યથી જરા પણ ઊતરતો ન હતો.

નગરમાં સમૃદ્ધ હવેલી એક વૈશ્ય ચંદનદાસની હતી. રાક્ષસને એની ભરપૂર આર્થિક સહાય રહેતી. રાક્ષસને પરિવારમાં પત્ની અને બાળપુત્ર હતા. બંનેએ એમે ચંદનદાસના આશ્રમમાં મૂક્યા અને પછી એ પોતાનો રાજકીય સંકલ્પ પાર પાડવામાં લાગી ગયો.

એ ચંદ્રગુપ્તની હત્યાના કાવતરા કરવા લાગ્યો.

(૧) ચંદ્રગુપ્ત એકવાર બિમાર પડ્યો. એનો રાજવૈદ્ય અભયદત્ત હતો. એ ખરેખર રાક્ષસનો માણસ હતો. રાક્ષસે એને પ્રવાહી ઔષધમાં વિષ ભેળવવા કહ્યું. અભયદત્તે વિષૈલી દવા ચંદ્રગુપ્ત ને આપી. એ વખતે ચાણક્ય હાજર હતો. એણે વૈદ્યને કહ્યું, 'તું આ દવા પી જા.' એ જો પીવાની ના પાડે, તો એવું કાવતરું પ્રગટ થઈ જાય, પછી ચાણક્ય એને ન છોડે, એથી એણે આ દવા પી જવી પડી અને તેનું મૃત્યુ થયું.

(૨) રાક્ષસે ચંદ્રગુપ્તના શયનખંડની નીચે લાંબી સુરંગ બનારાવી. આ સુરંગનો એક છેડો શયનખંડમાં ખૂલે, બીજો બહાર ખૂલે. આ સુરંગમાં ચુનંદા સૈનિકો દાખલ કર્યા. રાત્રે શયનખંડ બાજુનો છેડો ખોલીને, સૈનિકો ચંદ્રગુપ્તને મારી નાખે એ વખતે એ સૂઈ ગયો હોય, એટલે સહેલું પડે. પરંતુ ચાણક્યે જોયું કે ભીંતના ખૂણામાંથી કીડીઓની હાર બહાર આવે છે અને એના મુખમાં રાંધેલા ચોખાનાં દાણા છે. એણે આખી સુરંગ બળાવી નાખી અને સૈનિકો ભૂંજાઈ ગયા.

(૩) રાક્ષસે હવે વિષકન્યાનો પ્રયોગ કર્યો. આ સૌંદર્યવતી યુવતીના ઉચ્છવાસ માત્રથી મૃત્યુ થઈ જાય. પરંતુ છત્રપલંગ ઉપર ચંદ્રગુપ્તને બદલે ચાણક્યે પર્વતકને રાખ્યો. પર્વતાળ પ્રદેશનો આ રાજા મૃત્યુ પામ્યો. ચાણક્યે પર્વતકના વધનો આક્ષેપ રાક્ષસ ઉપર ચડાવ્યો. આને કારમે રાક્ષસનો પ્રિય સાથી મલયકેતુ રાક્ષસથી છૂટો પડી ગયો. મલયકેતુ પર્વતકનો પુત્ર હતો.

રાક્ષસે પાંચ રાજાઓનો સંઘ બનાવ્યો હતો. આમની સહાયથી ચંદ્રગુપ્તને હરાવી શકાય. પરંતુ ચાણક્યની ભેદની જાણને કારણે સૌ રાક્ષસથી છૂટા પડી ગયા.

રાક્ષસ હવે એકલો પડી ગયો હતો. એવામાં એને ખરાબ સમાચાર મળ્યા - 'ચંદનદાસે રાક્ષસના પરિવારને આશ્રય આપ્યો છે એટલે ચંદનદાસને વધદંડની સજા થઈ છે. અને એને શૂળી પર ચડાવવા સ્મશાનમાં લઈ જવાય છે.'

રાક્ષસ દોડીને, સ્મશાનમાં પહોંચી ગયો. એણે પોતાના વિશ્વાસુ સાથીને બચાવી લેવા ચાણક્ય પાસે આત્મસમર્પણ કર્યું. ચાણક્યે ચંદનદાસને મુક્ત કર્યો.

એને ખબર હતી કે, રાક્ષસ જો ચંદ્રગુપ્તની સેવામાં હોય, તો રાજય સલામત રહે. એણે રાક્ષસને વિનમ્ર ભાવે વિનંતી કરી કે 'આપ ચંદ્રગુપ્તના મહા અમાત્યનું પદ સ્વીકારી લો.' રાક્ષસે ચંદ્રગુપ્તની વિનંતીનો સ્વીકાર કરી લીધો. હવે ચંદ્રગુપ્તનું રાજયારોહણ રાક્ષસના સાથથી વધુ નિષ્કલંક બન્યું.

પરાક્રમ, બુદ્ધિમતા, રાજનીતિજ્ઞતા, ભાવનાશીલતા - આ બધા સદ્‌ગુણોથી રાક્ષસનું વ્યક્તિત્વ શોભી ઊઠે છે.